## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - મુંબઈ
## શ્રી અખિલ ભાતીય કચ્છ કડવા પાટીદાર યુવા મંઘ મુંબઈ રિજીયન

### * સનાતની ક્રિકેટ લીગ - ૨૦૨૫ *
### ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ સિજન - ૨

શ્રી ક.ક.પા.સનાતન યુવા મંડળ - મુંબઈ દ્વારા સનાતની ક્રિકેટ લીગ-૨૦૨૫ - ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ ટર્ફ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન આગામી તા. ૧૪-૦૯-૨૦૨૫ ને રવિવારના શુભ દિવસે ‘‘Kasturi Truf, Mira-Bhayander’’ Behind Mexus Mall ખાતે કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટમાં અંડર ૧૫ મેન્સ (પુરૂષોની), Above ૧૫ Men's (પુરૂષોની) અને મહિલાઓની ક્રિકેટ ટીમ ભાગ લઈ શકશે તેમજ ફૂટબોલ ટુર્નામેન્ટમા Age. ૯ વર્ષથી ૧૬ વર્ષ તેમજ Age ૧૭ વર્ષથી ૨૫ વર્ષના જ ખેલાડીઓ ભાગ લઈ શકશે. આ ટુનાર્મન્ટમાં ભાગ લેવા ઉત્સુક દરેક ખેલાડીઓએ ઉમિયા કપના ઝોનના નિયમ પ્રમાણે પોતે ટીમ બનાવીને યુવા મંડળ મુંબઈની મોબાઈલ એપ્લિકેશન અથવે વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરીને તેની પ્રિન્ટ કાઢીને નીચે જણાવેલા વિસ્તારના સભ્યો પાસે જમા કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| ૧) હિતેશભાઈ રામજીયાણી | ઘાટકોર | ૯૮૬૯૬૮૭૩૪૭ |
| ૨) ભાવિક રૂડાણી | મુલુંડ | ૯૯૩૦૨૩૪૬૩૩ |
| ૩) દિલીપ લીંબાણી | થાણા | ૯૩૨૧૧૧૧૭૧૦ |
| ૪) ધીરેન સેંઘાણી | ડોંબીવલી | ૯૮૭૦૬૫૫૫૮૫ |
| ૫) જનક દીવાણી | ભીવંડી | ૯૫૨૭૬૨૪૨૦૦ |
| ૬) કપિલ નાકરાણી | કલ્યાણ/શહાડ | ૯૭૩૦૦૭૫૩૪૫ |
| ૭) જહાન સુરાણી | બદલાપુર | ૯૭૬૬૦૧૧૩૩૫ |
| ૮) વૃતિક રામાણી | અંધેરી થી દહીસર | ૭૭૩૮૬૨૭૪૬૦ |
| ૯) વિશાલ પોકાર | મીરારોહ થી દહાણુ | ૯૩૨૧૦૧૦૧૪૩ |
| ૧૦) હિમેશ વાસાણી | ખારઘર/કામોઠે/ પનવેલ | ૯૮૨૦૦૦૯૦૮૫ |

**ટીમ દીઠ એન્ટ્રી ફીસ ક્રિકેટ અને ફૂટબોલ રૂા. 3000/-**

**એન્ટ્રી ફોર્મ ભરીને જમા કરવાની તારીખ**
**૧૦-૦૮-૨૦૨૫ થી ૩૦-૦૮-૨૦૨૫ રહેશે**

**સ્પોર્ટ્સ કન્વીનર : સત્યેન વેલાણી : ૯૮૧૯૩૫૩૫૪૧**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - મુંબઈ**
**પ્રમુખ : વિનય છાભૈયા - મહામંત્રી : ભાવેશ પોકાર**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રીજીયન

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રીજીયનની આગામી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ શનિવારના સાંજે ૩.૦૦ કલાકે બોરીવલી પાટીદારવાડી મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈના સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**એજન્ડા :-**

૧. ગત મિટિંગની મિનિટ્સનું વાંચન અને બહાલી.
૨. વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૫ના હિસાબોની રજૂઆત અને મંજૂરી.
૩. સંઘ (શ્રી અખિલ ભારતીય ક.ક.પા. યુવાસંઘ) અહેવાલ.
૪. સહયોગી મંડળના કાર્યોનો અહેવાલ.
૫. પ્રમુખ સ્થાનેથી રજૂઆત.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**
**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ * નોટિસ

**વાર્ષિક સામાન્ય સભાના આયોજન બાબત**

ટ્રસ્ટના સર્વે સભ્યોને સવિનય જણાવવાનું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સામાન્ય સભા પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬. મધ્યે તારીખ ૩૦-૦૮-૨૦૨૫ના બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં ટ્રસ્ટના સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી.

**અજેન્ડા :-** ૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી. ૨) ટ્રસ્ટ ફંડ નાણાકીય વર્ષ તારીખ ૦૧-૦૪-૨૦૨૪ થી તારીખ ૩૧-૦૩-૨૦૨૫ સુધીના આવક જાવકના હિસાબો અને વાર્ષિક અહેવાલની રજૂઆત અને બહાલી. ૩) પ્રમુખ સ્થાનેથી મંજૂરીથી રજૂ થાય તે. ૪) પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન. ૫) આભાર દર્શન.

વિશેષ નોંધ : ૧) સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટીઓ ઉપરોક્ત કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.
૨) મિટીંગ પછી મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**લી. ચેરમેન : શ્રી કાંતિભાઈ નારાયણ સેંઘાણી**
**મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ શિવજી ભીમાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ ફંડ આયોજન સમિતિ

ફંડ આયોજન સમિતિની મીટીંગ તા. ૦૨-૦૮-૨૦૨૫ના રોજ મળેલ હતી જેમાં રામનિવાસ, ઉમાનીવાસના રીડેવલોપમેન્ટ માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ ભાડુંતો ખાલી કરવા વિશે ચેરમેન કાંતિભાઈ સેંઘાણીએ જણોલ કે હવે ફક્ત ૧૪ ભાડુંતી બાકી રહેલ છે ત્રણથી ચાર ઓગસ્ટમાં ખાલી થઈ જશે. આઈઓડી માટે પ્લાન ટૂંક સમયમાં બીએમસીમાં મૂખવામાં આશે. પ્રોગ્રેસ ઘણો સારો હોવાથી સમિતિના સભ્યોને ફંડ એકત્રિત કરવા માટે વિનંતી કરવામાં આવેલ. આના અનુસંધાનમાં સમિતિના સભ્યો દર સોમવારના પાટીદાર વાડી ઘાટકોપર ખાતે મળવાનું નક્કી કરેલ છે કોઈને પણ રામનિવાસ, ઉમાનિવાસમાં રોકાણ કરવાની ઈચ્છા હોય તો પ્રમુખશ્રી રામજીભાઈ સેંઘાણી અને મંત્રી શ્રી કાંતિભાઈ સેંઘાણીને કોન્ટેક્ટ કરવા વિનંતી છે. સમાજના આ કાર્યમાં સૌનો સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

**લિ. પ્રમુખ : શ્રી રામજી પ્રેમજી સેંઘાણી**
**મંત્રી : શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી**

## જોઈએ છે

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ ઘાટકોપર પાટીદાર વાડી માટે મેનેજર એકાઉન્ટન જોઈએ છે. કોમ્પ્યુટરના જાણકાર માઈક્રોસોફટ અને ટેલી એકાઉન્ટ સોફટવેરના ઓપરેટર અને જાણકારની જરૂરત છે. ઉમર ૫૦ વર્ષ સુધી લાયકાતને અનુરૂપ પગાર આપામાં આવશે. વિષય માટે સંપર્ક કરવા વિનંતી.

**લિ. શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ)**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (ઘાટકોપર) દ્વારા આયોજિત - FABULOUS 40

ઘાટકોપર મહિલા મંડળ ફરી એક વાર લાવી રહ્યું છે એક દિવસીય કાર્યક્રમ ફક્ત મહિલાઓ માટે. પોતાની રોજિંદી દિનચર્યામાંથી એક દિવસ ફકત પોતાની માટે મસ્તી અને ધમાલ ભર્યો. નવી નવી મૈત્રી સાથે નવી નવી યાદગાર પળો માણવા... અમારી સાથે જોડાઈ જાવ.

**તારીખ : ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫, ગુરૂવાર**
**સમય : સાંજે ૩.૦૦ થી ૮.૦૦ કલાકે**
**વય મર્યાદા : ૩૫ થી ૫૫ વર્ષ સુધી * એન્ટ્રી ફી : ૨૦૦/- રૂા.**

**નામ નોંધાવવા માટે સંપર્ક :-**

(૧) રશ્મિબેન વેલાણી ૭૦૪૫૭૭૦૨૦૬
(૨) હિનાબેન લીંબાણી ૮૭૭૯૦૪૬૪૪૦

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086. Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Union Bank, Ghatkopar (West), Mumbai - 400 086.

Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત *

August 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૯ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૮/૨૦૨૫ ● પાના - ૬

## તંત્રી સ્થાનેથી...

**ગણપતિ દેવાય નમઃ**

મહાદેવ શિવજીના પ્યારા પાર્વતીજી અને આપણા સૌને વંદનીય કુળદેવી ઉમિયા માતાજીએ કુળની રક્ષા અર્થે બાવન માટીના પુતળા બનાવી તેને સજીવન કરેલ અને તેના દ્વારા આપણી બાવન નોખનો જન્મ થયેલ જે આપણે આદી કાળથી ઓળખાતા આવ્યા છીએ.

પાર્વતીજીએ પણ પોતાની રક્ષા અર્થે અંગરક્ષક તરીકે શરીરના મેલમાંથી ગણેશજીને જન્મ આપેલ અને તેને સજીવ કરી ફકત એક જ કાર્ય સોપેલ કે કોઈને અંદર ન આવવા દેવા અને સ્વયં મહાદેવ શિવજી પણ આવવા ઉપર પોતાના કર્તવ્યની રક્ષા કાજે લડેલ જેમાં પોતાના શીષનું બલિદાન આપેલ.

પાછળથી બધી હકીકત જાણ્યા બાદ મહાદેવજીને પોતાની ભૂલ સમજાતા માર્ગમાં આવનાર પ્રથમ પ્રાણીનું શીષ તેઓ ઉપર લગાડીને ભૂલના સુધાર હેતુ ગણેશજીને સજીવ કરેલ અને ત્યારથી ગણેશજી આપણા સૌના શુભ-કાર્યમાં પ્રથમ સ્થાન પામી આપણા સૌની વચ્ચે પૂજાતા રહ્યા છે.

આવી જ એક શુભ ઘડી આગામી ભાદરવા સુદ-૪ બુધવાર તા. ૨૭-૦૮-૨૦૨૫ થી ગણેશજીના આગમન સાથે થનાર છે અને આપણે સૌ હર્ષોલ્લાસ સાથે મંગળવાર તા. ૦૨-૦૯-૨૦૨૫ના ગૌરી વિર્સજન અને શનિવાર તા. ૦૬-૦૯-૨૦૨૫ના અનંત ચતુર્દશીના વિદાય દ્વારા આપશું.

આપણા સૌમાં એવી માન્યતા હતી કે નવરાત્રી ગુજરાતીઓની અને ગણેશોત્સવ મહારાષ્ટ્રીયનો તહેવાર છે પણ હવે આપણી વિચારધારા બદલાતા આપણા સૌના પરિવારમાં પણ દોઢ કે ૩ દિવસ

અનુસંધાન પાના નં. ૫ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

તા. ૧૭-૦૭-૨૦૨૫ને ગુરૂવારના રોજ બપોરના ૪.૦૦ કલાકે પાટીદાર વાડી મધ્યે ચુંટણીપંચ અને આગામી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૮ સુધીના ટ્રસ્ટીપદના ઉમેદવારોની સંયુકત જાહેર મિટીંગ મળેલ. જેમાં ઝોનવાઈઝ ચર્ચાવિચારણા કરીને ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં આવેલ. જેમાં ઝોન : ૧ ના ઉમેદવારોએ સલાહમસલત માટે વધારાનો સમય લીધેલ અને ત્યારબાદ નીચે મુજબના ટ્રસ્ટીઓની નીમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ.

| ઝોન | અનુ. ક્રમ | નામ | હાલે | ગામ |
|---|---|---|---|---|
| ઝોન ૧ | ૧ | કાન્તીલાલ નારાયણ સેંઘાણી | મુલુંડ | રાજપર |
| | ૨ | પ્રવિણભાઈ વિરજીભાઈ ધોળુ | ઘાટકોપર | જીંજાય |
| | ૩ | પ્રકાશભાઈ હરજી માવાણી | ઘાટકોપર | દેશલપર (વાં) |
| | ૪ | જયંતિલાલ દેવશી રામજીયાણી | ઘાટકોપર | કુરબઈ |
| | ૫ | વિરેન્દ્ર હરજી માવાણી | ઘાટકોપર | ખીરસરા(રો) |
| | ૬ | નરસીંહ સામજી સેંઘાણી | ઘાટકોપર | દરશડી |
| ઝોન ૨ | ૧ | શાંતિલાલ રતનશી રૂડાણી | બોરીવલી | મદનપુરા (કો.) |
| | ૨ | વિઠ્ઠલદાસ માવજી હળપાણી | બોરીવલી | મથલ |
| | ૩ | હિરાલાલ વાલજી પારસીયા | મલાડ | કલ્યાણપર |
| ઝોન ૩ | ૧ | નરેન્દ્ર કલ્યાણજી ધોળુ | ડોંબીવલી | રાયણ મોટી |
| | ૨ | મનસુખ પચાણ વાડીયા | ડોંબીવલી | રાજપર |
| | ૩ | જયન્તીલાલ કાનજી સીરવી | ડોંબીવલી | બિદડા |
| | ૪ | શાંતિલાલ કરસન ગોરાણી | થાણા | કલ્યાણપર |
| ઝોન ૪ | ૧ | રમણીકલાલ શામજી પોકાર | વસઈ રોડ | પલીવાડ |
| ઝોન ૫ | ૧ | કાન્તીલાલ માવજી ભાવાણી | ખારઘર | હરીપુરા કંપ |
| કુલ | ૧૫ | | | |

**ચુંટણી પંચ :-**

**૧. છગનલાલ નાનજી રામજીયાણી - ઘાટકોપર**
**૨. ગાંગજી નારાણ સેંઘાણી - ઘાટકોપર**
**૩. ભરતભાઈ રતનશી પોકાર - મુલુંડ**
**૪. કાન્તીલાલ લખમશી લીંબાણી - થાણા**
**૫. શામજી નારાયણ નાકરાણી - કાંદીવલી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ * પાટીદાર ભવન ડોંબીવલી અંગે લેવાયેલ ઐતિહાસિક નિર્ણય

પાટીદાર ભવન ડોંબીવલી ખાતે પહેલા માળાને અધતન અને વાતાનુકુલિત બનાવવા અંગે તારીખ ૧૩-૦૭-૨૦૨૫ સામાન્ય સભા કે જેની જાહેરાત અગાઉ દૈનિકમાં આપેલી હતી તે પ્રમાણે જ્ઞાતિના વડીલો અને ત્રણેય પાંખો ટ્રસ્ટ, મહિલા મંડળ, યુવક મંડળ વગેરેની હાજરીમાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું દરેક મુદ્દા પર વિગતવાર ચર્ચા કરી દરેક પાસાનો વિચાર કરી સ્વસ્તિક ફૂડ એન્ડ હોસ્પિલીટી સાથે સામંજસ્ય દ્વારા આગળ વધવાની સર્વ સંમતિથી મંજૂરી આપવામાં આવી હતી. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડની ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોવાથી ચૂંટણીપંચની વિશેષ મંજૂરથી ઉપરોક્ત પ્રક્રિયા પાર પાડવામાં આી હતી.

**લી. પ્રમુખ : કાંતિલાલ નારણ સેંઘાણી - મે. ટ્રસ્ટી : શાંતિલાલ શિવજી ભિમાણી**

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર) સહયોગથી KANCHA OUTDOORS આયોજીત મોનસૂન સ્પેશ્યલ એક દિવસની ટ્રેકિંગ ઉમેરખિંડ ખપોલી

તારીખ ૨૭-૦૭-૨૦૨૫ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વયમર્યાદા ૧૬ થી ૩૫ વર્ષ સુધી રાખવામાં આવી હતી.

પ્રવાસનો આરંભ પાટીદાર વાડીથી સવારે ૬ વાગે ૨ x ૨ એસી બસથી થયો હતો. સવારે ૭ વાગે નાસ્તો કર્યા બાદ, ટ્રેકિંગ માટે ખોપોલી પહોંચ્યા. ત્યાં આયોજકોએ માર્ગદર્શન આપ્યું અને સ્થળનું ઐતિહાસિક મહત્વ સમજાવ્યું. ત્યારબાદ એડવેન્ટર ટ્રેકિંગ શરૂ થયું.

એડવેન્ચર પછી ટીમ બિલ્ડિંગ ગેમ્સ રમવામાં આવી. ત્યારબાદ પ્રમુખ શ્રી મયુર સેંઘાણી અને મંત્રી હેનાલી પારસિયા દ્વારા આયોજક તેમજ સ્પોર્ટ્સ કમિટીના કન્વીનર ઋષભ લલિત નાકરાણી અને તેમની ટીમનો આભાર માન્યો. આવા વધુથી વધુ કાર્યક્રમો યોજાય એવી શુભેચ્છાઓ આપી તેમજ પધારેલ યુવા મહેમાનોનો પણ દિલથી આભાર માન્યો.

યુવા મંડળ ઘાટકોપર દ્વારા યોજાતા ભવિષ્યના કાયક્રમોમાં જોડાવાની આશા આવેલા યુવાનો પાસેથી કરવામાં આવી. ત્યારબાદ હાઈ-ટી લઈ ઘાટકોપર તરફ વળ્યા. રાત્રે પાટીદાર વાડી પર જોન લઈ સૌએ વિદાય લીધી.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સનતન યુવા મંડળ, ઘાટકોપર**
**પ્રમુખ : શ્રી મયુર સેંઘાણી - મંત્રી : હેનાલી પારસીયા**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ-મુંબઈ આયોજીત "રામાપીરનું આખ્યાન"

શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા આયોજીત અને 'શ્રી મમાયમોરા મમાય રામા મંડળ' કચ્છના સહયોગથી શ્રી રામદેવજી મહારાજનું જીવન ચરિત્ર (આખ્યાન) રજૂ કરવામાં આવશે તો સર્વે ધર્મ પ્રેમી જનતાને અમારૂ ભાવભર્યું આમંત્રણ...

**તારીખ :૦૬-૦૯-૨૦૨૫, શનિવાર * શુભ સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર**

કાર્યક્રમની રૂપરેખા : સવારે ૯.૩૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી કાર્યક્રમ
બપોરે ૧.૦૦ થી ૨.૦૦ કલાક સુધી મહાપ્રસાદ
બપોરે ૨.૦૦ થી રાત્રે ૮.૦૦ કલાક સુધી કાર્યક્રમ
રાત્રે ૮.૦૦ કલાકે મહાપ્રસાદ

**નોંધ : કાર્યક્રમના પ્રસંગોને અનુરૂપ વિવિધ ચડાવા ચાલુ કાર્યક્રમમાં લેવામાં આવશે. મુખ્ય ચડાવા : પ્રથમ આરતીનો ચડાવો, રામદેવપીર પારણીયાનો ચડાવો, વિરમદેવનો પારણીયાનો ચડવો, પ્રાગટ્ય આરતીનો ચડાવો.**

આ શુભ પ્રસંગે સમાજના સર્વે સભ્યો અને ભક્તોને હાર્દિક નિમંત્રણ છે.

**પ્રમુખ : શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી**
**મહામંત્રી : શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા તેમજ સમસ્ત કારોબારી સભ્યો**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ - મુંબઈ પ્રેરિત, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી શ્રી કચ્છી કડવા પાટીદરા મહિલા મંડળ-ડોંબીવલી દ્વારા આયોજીત - શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી સહયોગી "વીર પસલીઉત્સવ - ૨૦૨૫"નો અહેવાલ

ઉપરોક્ત મંડળ દ્વારા તા. ૨૭-૦૭-૨૦૨૫ને રવિવારના રોજ શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજની જૂની પરંપરાઓને યાદ કરતા તેમજ આજની નવી પેઢીને આપણી જૂની પરંપરા તેમજ જુના તહેવારોની જાણકારીના હેતુથી પ્રથમવાર વીર પસલી કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે પ્લેટિનમ હોલમાં કરવામાં આવેલ હતું જેમાં લગભગ ૨૫૦ જેવા જ્ઞાતિજનોએ ભાગ લીધેલ હતો.

સૌપ્રથમ શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - ડોંબીવલીના પ્રમુખ, મહામંત્રી, શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલીના મહામંત્રી, શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલીના સ્થાપક પ્રમુખ, ઉમિયા ભજન મંડળ-ડોંબીવલીના પ્રમુખ તેમજ સાતમ રમવા આવેલી ગોયણીઓ દ્વારા કુળદેવી ઉમિયા માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

ત્યારબાદ પધારેલ સર્વે બહેનોએ પીળા રંગનો સાત ગાંઠ મારેલો દોરો પોતાના કાંડા પર બાંધેલ અને પ્રભુ પાસે પોતાના ભાઈ માટે સાત આશીર્વાદ માંગી વીર પસલીના પારંપરિક તહેવારની શરૂઆત કરેલ હતી.

ત્યારબાદ ઢોલી એવા રાજેશભાઈ શિરવી તેમજ હેમાંગાભઈ ભગતનું સાતમ રમવા આવેલ ગોયણીઓ દ્વારા કંકુ ચોખાથી પૂજન કરી પારંપારિક રીતે ઢોલના તાલે રાસગરબાની શરૂઆત કરવામાં આવેલ હતી જેમાં આપણા વડીલ માતાઓ, બહેનોએ પારંપરિક રાસ રમતા શીખવાડ્યા અને ખૂબ જ મજાથી ગીતો ગાતા ગાતા આ રાસનો લહાવો સર્વ બહેનોએ લીધેલ હતો.

બહેનો આપણી પરંપારિક ગુજરાતી સાડીમાં સુશોભિત થઈને રાસે રમવા આવેલ હતી. આ કાર્યક્રમ દરમિયાન બધીજ બહેનોને આગામી સાતમ આઠમના કાર્યક્રમમાં પધારવા આમંત્રણ આપેલ હતું.

ત્યારબાદ શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલીના સ્થાપક પ્રમુખ કાંતાબેન તેજપાલ સાંખલાએ પોતાના મંતવ્યોમાં જણાવ્યું કે મુંબઈ શહેરમાં સૌપ્રથમ મહિલા મંડળની સ્થાપના ડોંબીવલી ખાતે થયેલ હતી, તેમજ વીર પસલી કાર્યક્રમની શરૂઆત પણ ડોંબીવલી વાડી ખાતે સૌપ્રથમ વખત થઈ એ બદલ મહિલા મંડળ ડોંબીવ લીને ખૂબ ખૂબ અભિનંદન આપેલ.

ત્યારબાદ મહામંત્રી શ્રીમતી પ્રીતિ ભગતે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબવલી, શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી, વિવિધ સમિતીના સર્વે કાર્યકર્તાઓ, સ્વસ્તિક ડેકોરેશનના અનિલભાઈ પાસડ, ઢોલી ભાઈઓ તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર જ્ઞાતિજનોનો આભાર માનેલ હતો. તેમજ આજના કાર્યક્રમના ચા અને નાસ્તાના દાતા એવા શ્રીમતી કસ્તુરબેન શાંતિલાલ ભગતનો વિશેષ આભાર માનેલ હતો.

ત્યારબાદ કાંડા પર બાંધેલ દોરા લીલા ઝાડ પર બાંધી સર્વે હર્ષોલ્લાસથી છુટા પડ્યા.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી**
**પ્રમુખ : શ્રીમતી રેખાબેન નરેન્દ્ર ધોળું**
**મહામંત્રી : શ્રીમતી પ્રીતીબેન જયેશ ભગત**

વાણી વર્તન અને વ્યવહાર એ સંસ્કારનો ઓળખપત્ર છે.



## શ્રી.ક.ક.પા.સ.યુ. મંડળ મુંબઈ - વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની..

પાના નં. ૩થી ચાલું...

બીઝનેસ સેલના કન્વીનર શ્રી મૌકિલભાઈ બાથાણી અને એમની ટીમ દ્વારા ફાઈનાન્સિયલ નિષ્ણાત શ્રી ગૌરવ ખેમકરજીનો સંક્ષિપ્ત પરિચય આપી, તેમનું સ્વાગત કરી અને તેને મંચ સુપ્રત કરેલ હતો.

SBI National Head ગૌરવ ખેમકરજી દ્વારા ૧૦.૩૦ થી ૧.૦૦ સુધીનું સેશન આર્થિક વ્યવસ્થાના આયોજનના આયામ દર્શાવીને રેમાંચ પૂર્વ પાર પાડવામાં આવ્યું, જેમાં મહિલા શક્તિની મેજોરિટી જોઈ ખુશ થઈ અને એમના માટે કઈ રીતે ફાઈનાન્સ કરવું એની સલાહ આપી હતી.

જીવનના સાત મંત્રો વેલ્થ ક્રિએશન માટે કેટલા જરૂરી છે એમનું જ્ઞાન આપી અને યુવા વર્ગની એટ્રેક્ટ કરેલ. સ્ટોકમાર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ, અને મેડીકલેમ એન્ડ હેલ્થ ઈન્સ્યોરન્સમાં કઈ રીતે ફંડને મેનેજ કરવું એ પણ શાંતિપૂર્વક અને ઉદાહરણ સાથે સમજાવ્યું હતું. યુવાવર્ગ અને મહિલા શક્તિને ધ્યાનમાં રાખી, બિઝનેસ ટાયકુનના કિસ્સાઓની સમજના સથવારે પોતાના ફંડને કઈ રીતે ગ્રોથ કરવો એની સમજ સરળ શમ્બદોમાં આપેલ હતી.

અંતિમ સત્રમાં એમણે આઈટી સેક્ટરના ગ્રોથ અને હાલમાં ભારત દેશ દુનિયાની સૌથી ઝડપી ગ્રોઈંગ ઈકોનોમી છે તે ઉદાહરણ સાથે સમજાવ્યું હતું.

પ્રમુખશ્રીના નેજા હેઠળ યુથના ઉત્સાહને જોઈ યુવા મંડળ મુંબઈ રીજીયનના સ્પોર્ટ્સ થીમના કન્વીનર સત્યેન ભાઈ વેલાણી અને તેમની ટીમ દ્વારા સનાતન પ્રિમીયર લીંગ Turf Tournament season coming Soon ની પણ આછેરી ઝલક દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી.

મહિલા મંડળ મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબહેન આશિર્વચન આપીને કહ્યું કે આવા કાર્યક્રમ ભવિષ્યમાં સાથે મળીને કરીશું અને સમાજના યુવાનોને નવી દિશા આપશું.

અંતમાં યુવા મંડળ પ્રમુખશ્રી વિનયભાઈ છાભૈયાએ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો તેમજ વિશેષ રૂપે આ સંપૂર્ણ કાર્યક્રમના આયોજનમાં ઘાટકોપરના શ્રી વિનયભાઈ સાંખલાનો આભાર વ્યક્ત કર્યો.

અંતમાં મહામંત્રીશ્રી દ્વારા આભાર વિધિ બાદ રાષ્ટ્રગાન ગાઈ પ્રોગ્રામની પુર્ણાહુતી જાહેર કરેલ હતી. સુંદર મજાના સેમિનારને સફળ બનાવી પધારેલ મહેમાનો, યુવા વર્ગ, મહિલા શક્તિ અને સમસ્ત કારોબારી મંડળ સાથે બેસી અને ભોજનનો આનંદમાણી છૂટા પડ્યા.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**
**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

## ઉમિયા માતાજી મંદિર, પાટીદાર ભવન પાટોત્સવ-૨૦૨૫

પાના નં. ૩થી ચાલું...

| | | | |
|---|---|---|---|
| મહા પ્રસાદ | શ્રી શાંતિલાલ શિવજી ભીમાણી પરિવાર | રત્નાપર(મઉ) | મુલુંડ |
| | શ્રી શાંતિલાલ કાનજી ભગત પરિવાર | નખત્રાણા | ડોંબીવલી |
| | શ્રી નરેન્દ્ર કલ્યાણજી ધોળું પરિવાર | રાયણ (મોટી) | ડોંબીવલી |
| સુકી પ્રસાદીના મુખ્ય દાતા | સ્વ. ઉષાબેન રમેશ સેંઘાણી, હસ્તે. જાન્વી અને કાશી સેંઘાણી | રત્નાપર (મઉ) | ડોંબીવલી |
| મહાઆરતી | શ્રીમતી વિજયાબેન શાંતિલાલ ચૌધરી પરિવાર હસ્તે વંશ રાજેશ ચૌધરી, કહાન જયેશ ચૌધરી | ગાંધીગ્રામ | ડોંબીવલી |
| પાણીના દાતા | જનવ મિત્તલ મયંક પોકાર | લુડવા | ડોંબીવલી |
| સાઉન્ડ સીસ્ટમના દાતા | ગાયત્રી ગ્રુપ હસ્તે. સ્વ. માતૃશ્રી હીરાબા/સાવિતાબા લીંબાણી પરિવાર | જીયાપર, દહેગામ | ડોંબીવલી |
| | માતૃશ્રી કસ્તુરબેન દેવશી રામજીયાણી પરિવાર હસ્તે લતાબેન દીપક | દેશલપર (વાંઢાય) | |
| | માતૃશ્રી શાંતાબેન નંદલાલ લીંબાણી હસ્તે હેમલ મનીષ, ભૂમિ વિજય | જીયાપર | |
| ફોટગ્રાફીના દાતા | રામ ભરોસે | | |


**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ - ડોંબીવલી**
**પ્રમુખ : શ્રી કમલેશ મણીલાલ લિંબાણી**
**મહામંત્રી : શ્રી અંબાલાલ રામજી લિંબાણી**
**વતીથી સહી : જીજ્ઞેશ રતીલાલ ઉકાણી (સહમંત્રી)**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - મુલુંડ

OJAS

### તાવ
(દવા વગર કુદરતી ઉપચાર)


- આજકાલ વાતાવરણ માં ઠંડી ગરમીને લીધે હમણાં ઘણા ને વાઇરલ તાવ આવતો હોય છે.
- આ અંક માં આપણે દવા વગર આ બીજ પદ્ધતિ દ્વારા તાવ ના પોઇંટ જોઇશું.




હાથ ની બધી આંગળી ના ટેરવાં માં બ્લુ કલર કરો.
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

જમણા હાથ ની પહેલી આંગળી પર મેગ્નેટ અથવા અજમો લગાડો તથા બ્લુ કલરના એનર્જી પોઇંટ લગાડો
(ચિત્ર માં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઇંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઇંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Tw 5 ,Gv 14,Gv 16 )

**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
- હે ગણેશ ગુરુ,
- અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા શરીર ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)

સંપર્ક : વર્ષા દિવાણી - 9870256773 શ્રુતિ સેંઘાણી - 9137868465
Email id - ojjastherapy11@gmail.com

## તંત્રી સ્થાને થી.....

પાના નં. ૧થી ચાલું...

માટે ગણેશજી બિરાજમા થવા લાગ્યા છે.

આવી શુભ ઘડીમાં હાલે ટ્રસ્ટ ફંડના ચુંટણી પંચ દ્વારા વિના વિઘ્ન ૧૫ ટ્રસ્ટીઓની નિમણુંક થવા પામી છે અને તેઓ અભિનંદનને પાત્ર તો છે પણ ગણેશજીની જેમ વિશેષ કાર્ય ઉપર પણ પોતાનું લક્ષ બનાવી રાખવું પડશે.

આપણે સૌ જાણીએ છીએ કે મહાદેવ શિવજી અને માતા પાર્વતીજીએ બે સંતાન હતા, કાર્તિકજી અને ગણેશજી. બંને ઉપર સમાન આશિષ તેઓ વર્ષાવતા હતા પણ એક ઘડીમાં બન્ને વચ્ચે સ્પર્ધા થઈ કે આપણામાં કોણ ચડિયાતું ? અને તેના સમાધાન વેળા માતા અને પિતાએ સમગ્ર વિશ્વની પરિક્રમા જે પહેલી કરીને આવે તે શરત રાખી. કાર્તિકજી તેમના વાહન મોર દ્વારા વિશ્વની પરિક્રમા માટે નીકળેલ જ્યારે ગણેશજી પોતાની બુદ્ધિમતાથી વડીલની પરીક્રમા કરી માતા-પિતાના ચરણોમાં સમગ્ર તિર્થો છે એવું દર્શન કરાવેલ. અને આમ બંને સંતાનમાં ગણેશજી એ વિશેષ આર્શીવાદ પ્રાપ્ત કરેલ.

આવું જ કાંઈક આપણા કચ્છ કડવા પાટીદારના ૧ લાખ પરિવારમાં વ્યાપેલ છે વિભિન્ન વિચારધારાને કારણે મુંબઈ અને સમગ્ર ભારતમાં મતભેદને કારણે મનભેદ થવા લાગ્યા છે તો આપણે સૌ માતા ઉમિયાના સંતાન છીએ અને મતભેદ વિસરી થયેલ મનભેદને દુર કરવા નવા નિમાયેલ ૧૫ ટ્રસ્ટીઓએમાં પ્રયાસ કરશે એવી અભિલાષા સહ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી - કુસુમ જય રામજીયાણી સહતંત્રી**

ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.

# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈની વાર્ષિક સામાન્ય સભા ઘાટકોપર પાટીદાર વાડી ખાતે તા. ૧-૮-૨૦૨૫ બપોરે ૨.૦૦ કલાકે પ્રમુખ શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતી. મિટિંગની શરૂઆત મહામંત્રી પુનમબેન રામજીયાણી દ્વારા આમંત્રિત મહેમાનો અને નારી શક્તિના શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય માટે મહિલા મંડળ મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, આઈ.પી.પી. શ્રીમતી હેમિકાબેન પોકાર, મહામંત્રી શ્રીમતી પુનમબેન રામજીયાણી, ખજાનચી શ્રીમતી રીટાબેન રૂડાણી, સ્થાપક પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પારસિયા, ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણી, યુવા મંડળ મુંબઈના મહામંત્રી શ્રી ભાવેશભાઈ, મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જયંતિભાઈ રામજીયાણી, મહિલા મંડળ ઘાટકોપરના પ્રમુખ શ્રીમતી કુસુમબેન રામજીયાણી, ઘાટકોપર સમાજના ખજાનચી શ્રી વિરેન્દ્રભાઈ માવાણી, યુવા મંડળ ઘાટકોપરના પ્રમુખ શ્રી મયુરભાઈ સેંઘાણીને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ મહિલા મંડળ મુંબઈને સમાજને લગતા વિકાસના કાર્યક્રમો કરવા જોઈએ અને જુની માનસિકતા દૂરી કરી મહિલાઓ એ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી છે, આપણાં સમાજમાં પણ આવી પ્રગતિ થવી જોઈએ, સમાજમાં અને ઘરમાં સંપ રહેવો જોઈએ. મહિલા મંડળ મુંબઈને રજત જયંતિ વર્ષમાં પ્રવેશ બદલ અભિનંદન આપી વાણીને વિરામ આપ્યો હતો. યુવા મંડળ મુંબઈના મહામંત્રી શ્રી ભાવેશભાઈ પોકારે યુવા મંડળના કાર્યક્રમોમાં મહિલાઓની સારી સંખ્યામાં હાજરી આપવા બદલ ધન્યવાદ વ્યક્ત કર્યો હતો તેમજ યુવા મંડળ તરફથી મહિલા મંડળ મુંબઈ પાસે મેટ્રી મોનીયેલનો એક કાર્યક્રમ સાથે કરવાની અપેક્ષા સાથે ઈચ્છા વ્યક્ત કરી હતી.

મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જયંતીભાઈ રામજીયાણીએ સુચન કર્યું કે સમાજના વિકાસ માટે એક થઈને રહેવું અને એકતા રાખવી ખુબજ જરૂરી છે.

યુવા મંડળ ઘાટકોપર પ્રમુખ શ્રી મયુરભાઈ સેંઘાણીએ આવેલ મહિલાઓને વિનંતી કરી હતી કે યુવાનોને પ્રોત્સાહિત કરો જેથી સમાજમાં થતા યુવા વર્ગનાં કાર્યક્રમોમાં વધારે સંખ્યામાં જોડાય.

ટ્રસ્ટ ફંડ મુંબઈના વાઈસ ચેરમેન શ્રી પ્રકાશભાઈ માવાણીએ મહિલા મંડળ મુંબઈને સંબોધીને સુચન આપ્યા હતા કે જ્યારે મહિલા મંડળ ૨૫ વર્ષ ઉજવતું હોય ત્યારે ૫૦ વર્ષ ગોલમાં માર્ગદર્શન બને એવા કાર્યક્રમો યોજવા જોઈએ, મહિલા સંઘ દ્વારા આયોજનો કરવા જોઈએ અંધ શ્રદ્ધા દુર કરવા તેમજ વ્યસન મુક્તિના કાર્યક્રમો યોજવા પર ભાર આપ્યો હતો.

ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન રામજીયાણીએ એકબીજાની સાથે આગળ વધવાનું છે પરાંઓએ સાથે પરસ્પરનાં સંબંધો મજબૂત કરવા જોઈએ અને ઘાટકોપર મહિલા મંડળ હંમેશાં સૌને સાથ સહકાર આપશે એવી લાગણી વ્યકત કરી.

ત્યારબાદ સહમંત્રી પુષ્પાબેન ભગત દ્વારા વાર્ષિક સામાન્ય સભાનાં એજન્ડાનું વાંચન કરવામાં આવેલ હતું. ત્યારબાદ સહમંત્રી લીનાબેન પોકાર દ્વારા ગત્ મિટિંગની મિનિટ્સનું વાચન તેમજ બહાલી લેવામાં આવેલ હતી. ત્યારબાદ ખજાનચી રીટાબેન રૂડાણી દ્વારા વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૫ના હિસાબની રજૂઆત કરી બહાલી લેવામાં આવી હતી. ત્યારબાદ મહામંત્રી પૂનમબેન દ્વારા વર્ષ દરમ્યાન થયેલા કાર્યક્રમોનો આછેરો અહેવાલ આપ્યો હતો.

કેન્દ્રીય મહિલા સંઘના મહામંત્રી હેમિકાબેન દ્વારા સંઘની ગતિવિધિઓની આછેરી જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ મુંબઈનાં સહયોગી મંડળો દ્વારા સ્થાનિકમાં થતા કાર્યક્રમોનાં અહેવાલની રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ ચર્ચા વિચારણા માટે ખુલ્લો મંચ મુકવામાં આવ્યો હતો જેમાં ભિવંડીનાં કસ્તુરબેન ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ડોંબીવલીના સાવિત્રીબેન વ્યસનમુક્તિ, ઘાટકોપર ભૂમિબેન આપણી સમાજમાં થયેલ લવ જેહાદના કિસ્સાની વ્યથા રજૂ કરેલ હતી. પરાંની બહેનોના ખુબજ સારા મંતવ્યો આવેલ હતા.

ત્યારબાદ પ્રમુખ સ્થાનેથી શ્રીમતી વર્ષાબેન દિવાણીએ સોળસંસ્કાર, પરિવાર પ્રાર્થના, સત્સંગ સભા, કેન્દ્રીય મહિલા સંઘ અને મહિલા સંઘ મુંબઈ ઝોનના માળખાની આછેરી સમજ ઉપસ્થિત મહિલાઓને આપી હતી તેમજ મહિલા મંડળ મુંબઈ રજત જયંતિ મહોત્સવ ઉજવવા જઈ રહ્યું છે એમાં બધાજ સહયોગી મંડળોનો સાથ અને સહકાર જોઈશે એવી મીઠી ટકોર સાથે વાતને વિરામ આપ્યો હતો. ત્યારબાદ સહમંત્રી પુષ્પાબેન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અંતમાં રાષ્ટ્રીય ગીત ગાઈને અલ્પાહારની મોજ માણી સૌ છુટ્ટા પડયા હતા.

**પ્રમુખ : શ્રીમતી વર્ષાબને નરેશ દિવાણી**

**મહામંત્રી : શ્રીમતી પૂનમબેન નરેન્દ્ર રામજીયાણી**

**શ્રી કચ્છી ખહવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)...**

પાના નં. ૩થી ચાલું...

પ્રકારના સંપ્રદાયો પણ ઊભા થઈ ગયા છે. આ બધા સંપ્રદાયો પોતપોતાની રીતે પરમેશ્વરની પ્રાપ્તિનો માર્ગ બતાવતા હોય છે.

પુષ્પદંત આચાર્ય આ બધા જ માર્ગોમાં (સંપ્રદાયોમાં) રહેલી સમાનતાને પ્રગટ કરીને ભગવાન શિવની સ્તુતિ કરે છે. પુષ્પદંત આચાર્યને જો બરાબર સમજી લઈએ તો જણાશે કે, ભારત વર્ષના પ્રસિદ્ધ વિવિધ સંપ્રદાયોનો પરસ્પર કોઈ વિરોધ નથી. બધા જ સંપ્રદાયો એક જ પરમ તત્વની પ્રાપ્તિ માટે ઉપદેશ આપનારા હોય છે.

મોટાભાગના દેવો કે જેમની લોકો પૂજા કરે છે, તેમની પાસે વિપુલ સંપત્તિ, સુંદર વસ્તુઓ અને ચતુર સેવકો હોય છે. પરંતુ ભગવાન શિવની બાબતમાં જોઈએ તો તેમના આભૂષણો, વસ્ત્રો, સેવકો વગેરે સામાન્ય માણસને સમજી ન શકાય તેવા હોય છે. મસ્તક પર મોટી જટા, વસ્ત્રરૂપે વ્યાઘ્રામ્બર, સર્પનું આભૂષણ વગેરે વસ્તુઓ ધારણ કરીને ભગવાન શિવ આપણને શું સમજાવવા માંગે છે, તેનું રહસ્ય પુષ્પદંત આચાર્યએ આ સ્તોત્રમાં પ્રગટ કરેલું છે.

આ જ્ઞાનયજ્ઞ દરમિયાન આવી અનેક રહસ્યમય વાતોનો વિચાર કરીને આપણે ભગવાન શિવની મહિમા જાણવાનો પ્રયત્ન કરીશું. શ્રાદ્ધના પવિત્ર દિવસોમાં ભગવાનમાં શ્રદ્ધા અને ભક્તિ દ્રઢ કરવા માટે શિવમહિમ્નસ્તોત્ર જ્ઞાનયજ્ઞમાં આપ સૌને શ્રવણનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**કાર્યક્રમ**

**શુક્રવાર તા. ૧૨-૦૯-૨૦૨૫ થી**
**રવિવાર તા. ૧૪-૦૯-૨૦૨૫**
**સમય સાંજે ૪.૪૫ થી ૫.૦૦ : ભજન,**
**૫.૦૦ થી ૬.૦૦ પ્રવચન**
**(નોંધ : તા. ૧૪.૦૯.૨૦૨૫ના રવિવારે**
**રાત્રે મહાપ્રસાદ રાખેલ છે.)**

**સ્થળ : શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી**
**એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.**

**આમંત્રક : ઘાટકોપર અધધ્યયન વર્ગ, પરમ પ્રમાણ દર્શન.**





## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન

### ''વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની''

મનુષ્યને જીવનમાં આર્થિક સફળતા મેળવવા માટે ફાઈનાન્સિયલ ઈન્વેસ્ટમેન્ટના પાઠ ભણવા પડે છે, માટે જ શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ/(MUR) મુંબઈ રીજીયન ટીમના નેજા હેળ તા. ૧૩-૦૭-૨૦૨૫ રવિવારના રોજ પાટીદાર ભવન, ડોંબીવલી મધ્યે ''વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની''નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારની શરૂઆતમાં મું.યુ.મં.ના મહામંત્રી શ્રી ભાવેભાઈ પોકારે પધારેલ સર્વે સમાજના આગેવાનો, યુવાનો અને બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું અને જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો કે જેમણે ૪૦૪ રજીસ્ટ્રેશન કરીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો છે.

ત્યારબાદ યુવા મંડળની પ્રણાલી મુજબ દરેક શુભકાર્યની શરૂઆત મા ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના સાનિધ્યમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવે છે, તે મુજબ મુંબઈ યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા, મિશન ચેરમેન શ્રી હિરેનભાઈ લીંબાણી, મુંબઈ ટ્રસ્ટ ફંડ ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણી, મુંબઈ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, ડોંબીવલી સમાજ પ્રમુખ શ્રી કમલેશભાઈ લીંબાણી, ડોંબીવલી યુવા મંડળ પ્રમુખ શ્રી ધીરેનભાઈ સેંઘાણી, ડોંબીવલી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રેખાબેન ધોળુની સાથે પ્રોગ્રામના મુખ્ય મહેમાન શ્રી ગૌરવભાઈ ખેમકર (SBI VP National Head) ઉપસ્થિત રહી અને દીપ પ્રાગટ્ય કરી તેમનું સ્થાન ગ્રહણ કરેલ હતું.

શરૂઆત ટ્રસ્ટ ફંડના ચેરમેશ્રી કાંતિભાઈ સેંઘાણીના આશીર્વચનો દ્વારા કરી, ફાઈનાન્સિયલ એડવાઈઝર કંપની વેલ્થ ક્યુબના પાર્ટનર કેતનભાઈ ભટ્ટને મહામંત્રીશ્રી અને પ્રમુખશ્રી દ્વારા સ્વાગત અને સન્માનિત કરી સેમિનારની શરૂઆત કરી, જેમાં તેમણે શેર બજારને સટ્ટો ન ગણી અને ફુલ ટાઈમ વ્યવસાય ગણીને રેકાણ કરવાની સલાહ આપેલ હતી.

અનુસંધાન પાના નં. ૫ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]
## તથા પરમ પ્રમાણ દર્શન ઘાટકોપર અધ્યયન વર્ગ દ્વારા આયોજીત

સહયોગી :
શ્રી ક.ક.પા.સનાતન યુવા મંડળ, મુંબઈ
શ્રી ક.ક.પા.સનાતન મહિલા મંડળ, મુંબઈ



**જ્ઞાનયજ્ઞ**

**શિવમહિમ્નસ્તોત્ર**
**(આચાર્ય પુષ્પંદ રચિત)**
**ત્રીજો મણકો**
**પ્રવકતા :**
**પૂ. સ્વામિની**
**સત્પ્રિયાનંદ સરસ્વતી**

સહયોગી :
શ્રી ઘાટકોપર ક.ક.પા.સનાતન સમાજ, મું.
પ.પ્રદ.ઘાટકોપર અધ્યયન વર્ગ, મુંબઈ



સૃષ્ટિની ઉત્પત્તિ સંદર્ભે અનાદિકાળથી લોકો વિવિધ કલ્પનાઓ કરી રહ્યા છે. કેટલાય વૈજ્ઞાનિકોએ જુદા જુદા પ્રકારના સિદ્ધાંતો રજૂ કરીને જગતની ઉત્પત્તિ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પરંતુ આજ પર્યંત કોઈના પણ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ, એવી રીતે સમજાવવામાં આવી નથી કે જેમાં કોઈ દોષ ન હોય, કોઈ બૌદ્ધિક ભૂલ ન હોય વેદો દ્વારા ઉપદેશવામાં આવેલી સૃષ્ટિઉત્પત્તિની યુક્તિ કોઈપણ પ્રકારની ત્રુટી વગરની છે.

શિવમહિમ્નસ્તોત્રમાં શ્રી પુષ્પદંત આચાર્ય જગતની ઉત્પત્તિ વિશે વેદોનો શું ઉપદેશ છે અને આપણો શું અભિગમ હોવો જોઈએ, તેનો સુંદર વિચાર રજૂ કરે છે.

ભારત દેશના લોકો અનેક પ્રકારની વિચારધારાને અનુસરતા જોવામાં આવે છે. વિવિધ વિચારધારાઓને લીધે સનાતન ધર્મમાં અનેક

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ સંચાલિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી આયોજીત
શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી, શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી સહયોગી

### ઉમિયા માતાજી મંદિર, પાટીદાર ભવન - ડોંબીવલીના પાટોત્સવ-૨૦૨૫નો અહેવાલ

ઉપરોક્ત સમાજ દ્વારા તા. ૦૬-૦૭-૨૦૨૫ને રવિવારે ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ-૨૦૨૫ કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે જ્ઞાતિજનોની ઉપસ્થીતિમાં કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ ભૂદેવો દ્વારા માતાજીના જયજયકાર સાથે સવારે ૭.૩૦ કલાકે મહાયજ્ઞની શુભ શરૂવાત કરેલ હતી, હવનના દાતાઓની સાથે જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ, ડોંબીવલી સમાજ, યુવક મંડળ, મહિલા મંડળના પદાધિકારીઓ તેમજ સર્વે જ્ઞાતીજનોએ હવનનો લાભ લીધેલ હતો.

ત્યારબાદ ડોંબીવલી સમાજના સહમંત્રી શ્રી જીજ્ઞેશ ઉકાણી દ્વારા ઉપસ્થિત શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈના સર્વે ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડલ - મુંબઈ,, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ-મુંબઈ, વિવિધ સમાજના હોદેદાર તેમજ કારોબારી સભ્યો, સર્વે સન્માનીય દાતાશ્રીઓ, તેમજ ડોંબીવલીમાં તેમજ મુંબઈના વિવિધ વિસ્તારમાંથી પધારેલ સર્વે જ્ઞાતિજનોનું ડોંબીવલી સમાજ વતીથી શાબ્દિક સ્વાગત કરેલ હતું.

ત્યારબાદ શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ય ફંડ-મુંબઈના ચેરમેન શ્રી કાંતિલાલ નારણ સેંઘાણીએ પોતાના મંતવ્ય આપતા ડોંબીવલી સમાજ દ્વારા આયોજીત ઉમિયા માતાજી મંદિરના પાટોત્સવ કાર્યક્રમના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવેલ હતા તેમજ આ પાવન અવસર પર સૌ ટ્રસ્ટીશ્રીઓને આમંત્રિત કર્યા તે બદલ અભાર માનેલ હતો.

ત્યારબાદ સર્વે દાતાશ્રીઓના હસ્તે મંદિરમાં વિવિધ પૂજાઓ ચરણાઅભિષેક, શણગાર, નુતન ધ્વજારોહણ, મહા પ્રસાદ, મહાઆરતી કરવામાં આવેલ હતી તેમજ ૧૦૮ ગોયણીનું દાતાશ્રીઓ, જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ, યુવા મંડળ-મુંબઈ, મહિલા મંડળ-મુંબઈ, ડોંબીવલી સમાજ, યુવક મંડળ, મહિલા મંડળના હસ્તે પૂજન કરી તેમને ભેટ આપવામાં આવેલ હતી. ત્યારબાદ સર્વે મહાપ્રસાદ લઈ કાર્યક્રમને પુર્ણ કરેલ હતો.

**✱ સર્વે સન્માનીય દાતાશ્રીઓની નામાવલી ✱**

| વિગત | સન્માનીય દાતાશ્રીઓનું નામ | ગામનું નામ | હાલે |
|---|---|---|---|
| ચરણાઅભિષેક | માતૃશ્રી મણીબેન માવજી જેઠા પોકાર પરિવાર | રાયણ (મોટી) | ડોંબીવલી |
| ઉમિયા માતાજી શણગાર | KAK COLLECTIONS હસ્તે શ્રીમતી અમી સુરેશ લીંબાણી | દહેગામ | |
| | શ્રીમતી કેમ્પલ જીયલ ચૌધરી | દુર્ગાપુર (નવાવાસ) | ડોંબીવલ |
| | શ્રીમતી કલ્પના રાજેશ સેંઘાણી | મમાયમોરા | |
| ગણપતિબાપા શણગાર | સ્વ. ભગવતીબેન રતિલાલ વેલાણી પરિવાર હસ્તે. જીતેન્દ્રભાઈ / રમેશભાઈ | દહેગામ | ડોંબીવલી |
| હનુમાનજીદાદા શણગાર | શ્રીમતી રમીલાબેન દિલીપ ઉકાણી પરિવાર હસ્તે સાર્થ, સ્નેહ | મમાયમોરા | ડોંબીવલી |
| નુતન ધ્વજારોહણ | શ્રીમતી નર્મદાબેન નાનજી ભગત પરિવાર હસ્તે-નંદિની, નિષ્ઠા, શ્રીમ | વિરાણી (નાની) | ડોંબીવલી |

અનુસંધાન પાના નં. ૫ પર...